સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૨ / શુમારો : ૨ بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ફુલ પાના - ૧૦

# الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

**નાશિર :** મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. **તા. ૧ સફરૂલ મુઝફફર ૧૪૩૦ હી., ૨૭-૧-૨૦૦૯**

## -::: તકલીફના ફાયદા :::-

"ગમ, દર્દ, દુઃખ, દિલમાં બેકરારી-બેચૈની, ઝિંદગીની હકીકત એ કાલી રાત છે, જેના અંધારાનો સામનો હિમ્મતની રોશનીથી કરવાનો છે."

હાઁ, દોસ્તો, અલ્લાહતઆલા અરહમુર્રાહેમીન, અકરમુલ અકરમીન છે. તો પછી એના બંદાઓ પર તરહ તરહની મુસીબતો શું કામ ? સાથે સાથે હમને એ પણ ન ભૂલવું જોઈએ કે, અલ્લાહતઆલા હકીમ છે. મુસીબતો આવવા પાછલ એની હિકમતને, રાઝને અને મશીયતને પહેચાનવું હમારા બસની વાત નથી.

કુરઆને કરીમમાં ઈરશાદે રબ્બાની છે કે, **"વમા ખલકતુલ જિન્ના વલ ઇન્સા ઇલ્લા લે યાઅબોદૂન"**, ઈન્સાન અને જિન્નાત ફક્ત અલ્લાહની ઈબાદત વાસ્તે પૈદા કરવામાં આવા છે. જો ઈન્સાન હર વક્ત ખુશહાલીમાં, તંદુરસ્તીમાં, દુન્યવી મોઆમલાત ની રાહત અને સહેલાઇ માં મશ્ગૂલ થઈને ઝિંદગી બસર કરે તો એની એક મખ્લૂક તરીકે ની ફરઝ ચૂકી જાય. અલ્લાહની ઝિક્રથી અને ઈબાદતથી મૂઁહને ફીરાવી લે અને આખેરતમાં તકવાનો કોઈ તોશો લીધા બગૈર ગુઝરી જાય. તેથી અલ્લાહતઆલા પોતાના બંદાને ગફલતની ઊંઘમાંથી જગાડવા વાસ્તે એની આખેરત સુધારવા વાસ્તે, એને તરહ-તરહની મુસીબતો જેવી કે બિમારી, તંગદસ્તી, બેઔલાદી, ઘરની આફત, નાફરમાન ઔલાદ, પરેશાની, વગેરે માં મુબ્તેલા કરે છે. જેથી બંદો પોતાના માલિક પરવર દિગારની યાદમાં મશ્ગૂલ રહે, પોતાના ગુનાહોની તૌબા અને મગફેરત કરે અને શરીઅતના એહકામ પર ચાલે.

કુરઆને શરીફ, હદીસો અને અઈમ્મત (અ.સ.) ના અકવાલમાં તકલીફોના ચંદ ફાયદાઓ ની ઝિક્ર આવેલી છે :

**(૧) બીજાના દુઃખ-દર્દનો એહસાસ :**

રમઝાનુલ મોઅઝ્ઝમમાં કે બીજા મૌકાઓ પર હમેં રોઝા રાખીને ભૂખ અને પ્યાસની શિદ્દત બરદાશ્ત કરીએ છીએ. આનાથી હમને ફકીરોની, ગરીબોની, મિસ્કીનોની ફાકાકશીનો અને ભૂખ-પ્યાસનો એહસાસ થાય છે. લેહાઝા હમેં અલ્લાહની નેઅમતનો શુક્ર અદા કરીએ છીએ. જે લોગો રોઝી વાસ્તે પોતાનું ઘર અને વતન છોડીને બીજી જગા પર જાય છે તેમની ગુરબત અને તન્હાઈનો એહસાસ હમને હજ્જે બૈતુલ્લાહની સફરમાં થાય છે કે, બેવતનીમાં ઝિંદગી કઈ રીતે બસર થાય.

**(૨) ગુરૂર અને તકબ્બુરીથી હિફાઝત :**

જો ઈન્સાન હમેશા આરામ, આસાઇશ અને ખુશહાલીની જ ઝિંદગી બસર કરે, કોઈ તરહના દુઃખ-દર્દનો સામનો ન કરવાનો આવે, તો તે આખેરતના ડરથી બેપરવા થઈ જાય છે. એક તરહનો ગુરૂર આવી જાય છે. પછી ઈન્સાન શયતાન, નિમરૂદ અને ફિરઔન નો દોસ્ત થઈ જાય છે. મૌલાએ કાએનાત મુશ્કિલ કુશા અલી (અ.સ.) નહજુલ બલાગાહ માં ફરમાવે છે કે, ખુદાતઆલા પોતાના બંદાઓના દિલો દિમાગ માંથી ગુરૂરો-તકબ્બુર નીકાલીને ખાકસારી, નાચીઝગી લાવવા વાસ્તે તરહ-તરહના ઈમ્તેહાન અને તકલીફોમાં ગિરફતાર કરે છે. હમારા પર જે આફત-મુસીબતો આવી પડે છે તો તે કંઈજ નથી કારણ કે એક શાયર ના અલ્ફાઝ છે કે,

**"મુશ્કિલેં હૈં નામ કી, મુશ્કિલેં અબ હૈં કહાઁ,**
**મુશ્કિલેં તો ચલ બસી, મુશ્કિલ કુશા વાલોં કે સાથ."**

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**જે શખ્સ કોઈ ગુનાહ કરવાનું વિચારે અને એ ન કરે તો એની એક નૈકી લખાય છે.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***તકલીફના ફાયદા.....***

**(૩) ગફલતની નીંદથી બેદારી :**

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અગર ઈન્સાની ઝિંદગીમાં ખુશીઓ હોય, ગમનું નામો નિશાન ન હોય તો ઘણા ઈન્સાન ફિત્નાખૌર-સરકશ થઈ જાય અને ઈન્સાનીયતના દાયરામાંથી જ નીકલી જાય. એવુ જોવા મીલે છે કે, ઘણા માલે તુજ્જાર લોગો ખુદાને ભૂલીને વાત કરે છે. નમાઝો, રોઝા, સખાવત, વગેરે શરીઅતના એહકામોને હલકા ગીને છે, તેની મઝાક કરે છે, હમેશા બેદરકારીના ઝોંકા માં જ રહે છે. તો એવા લોગોને બેફિકીની નીંદમાંથી જગાવવા વાસ્તે મુસીબતો ઝરૂરી છે.

**(૪) ગુનાહોનો કફ્ફારો :**

અલ્લાહતઆલાએ કુરઆન મજીદને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર નાઝિલ કરીને આપને મૌ.અલી (અ.સ.), અઈમ્મતે તાહેરીન અને દોઆતે અકરમીન (આ.કુ.) ને હમને હક્કના રસ્તા પર ચલાવવા વાસ્તે મોકલા, જેથી હમેં ખુદને ગુનાહોથી બચાવીએ, શરીઅતનું પાલન કરીએ, આખેરતમાં રેહમતે ઈલાહીના તલબગાર બનીએ. હવે શયતાનના વસવસાથી ઈન્સાન ગુનાહો પર સવાર થયો અને પોતાના વાસ્તે જહન્નમના અઝાબનો સામાન ભેગો કરતો રહ્યો, પણ ખુદાતઆલા ગફૂરૂર્રહીમ હોવાથી એની મગફેરતનો દરિયો જોશ મારતો રહ્યો એટલે પોતાના પસંદીદાહ બંદાઓને ચંદ રોઝ દુન્યવી તકલીફોમાં મુબ્તેલા કરીને, તેના ગુનાહોના સબબ આખેરતમાં મીલવાવાલા દાએમી અઝાબથી બચાવવાનો ઈરાદો કીધો. **ગુનાહગાર ઇન્સાન બલાઓ તકલીફમાં ગિરફતાર થઇ જાય તો આ એની ખુશનસીબી છે.** આ બલા હકીકતમાં ગુનાહોનો કફ્ફારો છે અને આઈન્દા ગુનાહોથી રોકવા વાસ્તેનો એક ઉમદા સબક છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, ખુદા જ્યારે કોઈ બંદાથી ખુશ થાય છે, તો એના ગુનાહોને માંજવા યા સવાબમાં દાખિલ કરવા એને મુસીબતમાં ગિરફતાર કરે છે. એક વક્ત મૌલાએ કાએનાત મુશ્કિલ કુશા અલી (અ.સ.) તશરીફ-ફરમાઁ હતા. આપના અસ્હાબ અબ્દુલ્લાહ બિન યાહયા આપની ખિદમતમાં હાઝિર થયા. જેવા એ બેસવા ગયા કે અચાનક પડી ગયા અને જિસ્મ પર સખ્ત ચોટ લાગી. મૌલા અલી (અ.સ.) ને આ નાગહાની બિના બાબત પૂછવામાં આવું તો આપે ફરમાવું કે, અય અબ્દુલ્લાહ, બેસતી વક્ત તમેં "**બિસ્મિલ્લાહ**" પઢવાનું ચૂકી ગયા અને આ ગલતી ની સઝાથી તમેં પડી ગયા. કુરઆને કરીમમાં ઈરશાદે ઈલાહી છે કે, "**મા અસાબકુમ મિમ મુસીબતિન ફબેમા કસબત અયદીકુમ વ યાસફૂ અન કસીર.**" તમારા પર જેટલી પણ મુસીબતો આવે છે તે તમારા હાથોના કરતૂતોનો નતીજો છે જ્યારે અલ્લાહતઆલા તમારા વધારેમાં વધારે બદ આઅમાલોને મઆફ કરી દે છે. "**મરઝ બઢતા ગયા જૂં જૂં દવા કી**", યાદ રહે કે, બિમારીઓ, પરેશાનીઓ અને મુસીબતો ફક્ત મુમિનના ગુનાહોનો કફ્ફારો છે, કાફિરો અને ઝાલિમોના ગુનાહોનો કફ્ફારો નથી.

અલ્લાહતઆલા એવા ગુનાહગાર મુમિનને વધારે પસંદ કરે છે જે અલ્લાહથી મગફેરતની ઉમ્મીદ સાથે તૌબા કરે છે, તે શખ્સ કરતા જે એમ માને છે કે, પોતે કોઈ ગુનાહ કરતો નથી અને તેથી મગફેરત પણ ચાહતો નથી. દુનિયામાં બંદાના ગુનાહોની મઆફી થઈ જાય તો અલ્લાહ તેને તે ગુનાહો વાસ્તે આખેરતમાં પકડશે નહીં. ઔલિયાઉલ્લાહ માઅસૂમ હોય છે, બેગુનાહ હોય છે તે સાથે એમના ઉપર મોટામાં-મોટી સખ્તમાં સખ્ત મુસીબતો આવે છે. તે એના લીધે કે, અલ્લાહ એમના દરજાતને ઔર ઝિયાદહ બલંદ કરે કેમકે તેઓ લોગોની શફાઅતના ઝિમ્મેદાર હોય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તો "**સૈયેદુલ માઅસૂમીન**" હતા, ઈસ્મતના લોગોના સરદાર હતા, પણ આપ હરરોઝ ૧૦૦-૧૦૦ મરતબા ઈસ્તિગફાર કરતા અને આપ મૌ.અલીને ફરમાવતા કે, "**કુરઆનની તે આયત અફઝલ આયત છે, જેમાં અલ્લાહથી મગફેરતનો ઇરાદો હોય.**"

**(૫) આખેરતમાં શફાઅતનો વસીલો :**

"**મરના જવાન બેટેકા હૈ ઉમ્ર ભર કા દાગ**", જવાન દિકરાના મૌતથી બાપનું દિલ કાબૂમાં રહેતું નથી. દિલનો ગમ આંસુઓની ધાર બનીને વહે છે. મગર ખુદાના ખાસ સાબિર-શાકિર બંદાઓ શિકાયત ને બદલે

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**જે શખ્સ મુમિન પર મહેરબાની કરશે તો અલ્લાહ એના પર વધારે મહેરબાન થાશે.**

*(પેજ નં. ૨ નું બાકી)* ***તકલીફના ફાયદા.....***

ખાલિકની મશીયત-કઝાઓ કદર પર સબર કરીને માઅબૂદે પાક ની હમ્દો સના કરે છે અને પરવરદિગારે આલમથી અલમનાક સાનેહા પર સબ્ર કરવાનો જે અજર હાસિલ થાય છે, એના પર રાઝી રહે છે.

**"ઔલાદની મૌત પર સબ્ર કરવાનો સવાબ શું છે ?"**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ હદીસે શરીફમાં ફરમાવું છે કે, "મેં શબે મેઅરાજ માં જોયું કે, મારી ઉમ્મતનો એક ગુનાહગાર ઘણો બેકરાર છે. એની નેકીઓનું પલ્લું હલકું અને ગુનાહોનું પલ્લું ભારે છે. એ આ ગમમાં નિઢાલ હતો કે, અચાનક જોયું કે એના એ બચ્ચાંઓ આવી પહોંચા કે, જેમની મૌત પર તે શખ્સે દુનિયામાં સબ્ર કીધો હતો. એ બચ્ચાઓના આવવાથી એની નેકીઓનું પલ્લું ભારે થઈ ગયું." બીજી ઘણી રિવાયતોમાં છે કે, કમસિનીમાં માઁ-બાપને દાગે જીગર આપીને ગુઝરી જાવા વાલા માઅસૂમ બચ્ચાંઓને રોઝે મેહશર કહેવામાં આવશે કે, **"જન્નતમાં દાખિલ થઇ જાવ."** તો તેઓ તડપી-તડપીને અરઝ કરશે કે, યા ખુદા દુનિયામાં તો હમેં વાલેદૈનની શફકતથી, મોહબ્બતથી મેહરૂમ રહ્યા, તો શું આજે પણ હમેં મેહરૂમ રહી જઈશું? હમેં હમારા રંજીદા જિગર માઁ-બાપ બગૈર કેવી રીતે જન્નતમાં દાખિલ થઈએ ? તો ગફુરૂર્રહિમ પરવરદિગાર માઁ-બાપની શફાઅત કુબૂલ કરીને તેમને પોતાના બચ્ચાઓ સાથે જન્નતમાં દાખિલ કરી દેશે.

બહરહાલ કુરઆની તાલીમાત અને રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) તેમજ અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના ફરમાનો ને તસ્લીમ કરીને હમને દુન્યવી મુસીબતો, આફતો, પરેશાનીઓ પર સબ્રો શુક્ર કરીને અપના અલવી-તૈયેબી-ઈસ્માઈલી-મુસ્તાઅલવી અને ફાતેમી અકીદા પર સાબિત કદમ રહીને આ દામને તૈયેબીમાં પનાહ લઈને ઝિંદગીને બસર કરવી જોઈએ. મૌલાના અલી (અ.સ.) નો કૌલ છે કે, **"મુસીબત એક હોય છે પણ તેથી ગભરાવાથી બે થાય છે."** તો આવો હમેં મુસીબતો નો હિમ્મતથી સામનો કરીને અપની આખેરતને સુધારીએ **"ઇન્ના મઅલ ઉસ્રે યુસ્રન."** હર પરેશાની (સખ્તાઈ) ને સાથે સહેલાઈ છે. ★

## -::: લફઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ "લફઝી કશ-મ-કશ" ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા "ફાઈનલ સવાલ" નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો :

**સવાલો :**

(૧) નમાઝ વાસ્તે દાઅવત આપવાની નિદા.

| | | ◯ |
|---|---|---|

(૨) ઐબ, ખોટ, ધબ્બો.

| ◯ | |
|---|---|

(૩) મૌ.અલી (અ.સ.), રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ના કૌન થાય ?

| | ◯ | |
|---|---|---|

(૪) ઈબ્લીસ લઈને મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ની દાઅવતનો ------ કીધો.

| ◯ | | | ◯ |
|---|---|---|---|

**ફાઇનલ સવાલ :**

✲ જે શખ્સમાં ઈન્સાફ, યકીન, સબ્ર અને જેહાદ આ ચારે ચીઝો જોવા મીલે તે કૌન કહેવાય ?

| | | | | |
|---|---|---|---|---|

➡ **ગયા લફઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧) ઈ ન જી લ (૨) અ ની સ

(૩) ઈ ક રા (૪) ઈ સ તિ ન જા

(૫) મો હિ બ

**ફાઇનલ જવાબ :** બ ની ઈ સ રા ઈ લ

તરકીબના સહી જવાબો આપનાર :

**અલીઅબ્બાસ એમ. ચશ્માવાલા.** ★

**અલ્લાહ તરફથી બંદાને મદદ મીલે છે એની ઝરૂરતના મુતાબિક.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### નમાઝ વાજિબ થાવાની ઝિક્ર

✤ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ જે વકત નમાઝને ફરઝ કીધી તો હરએક રાત અને દિનમાં પચાસ નમાઝોને ફરઝ કીધી હતી. તે બાદ અલ્લાહે પોતાની મખ્લૂક પર રેહમત કીધી, મહેરબાની કીધી. આ મુજબ કરવાનો સબબ એ બનો કે, અલ્લાહતઆલાએ જે વકત પોતાના હબીબ, ફખરે અંબિયા મોહંમદ (સ.અ.વ.વ.) ને મેઅરાજનો શરફ બખ્શો તો આપનો તમામ અંબિયા પર ગુઝર થયો, મુલાકાત થઇ, કોઇએ આપને સવાલ કીધો નહીં. હવે મૂસા કલીમુલ્લાહ (અ.સ.) સાથે જે વકત આપની મુલાકાત થઇ તો મૂસાએ આપને આપના અને અલ્લાહના ફરમાનો બાબત સવાલ કીધો, તો આપે મૂસાને બધી હકીકતથી વાકિફ કીધા. મૂસા (અ.સ.) એ ફરમાવું કે, અય નબીએ આઅઝમ ! આપના રબ તરફ પાછા જાવ અને અરઝ કરો કે, આપની ઉમ્મત વાસ્તે શરીઅતમાં તખ્ફીફ કરે, આસાની કરે, કેમકે આપના ઉમ્મતીઓ પચાસ નમાઝના ફરઝોને અદા નહીં કરી શકે. મને મારી ઉમ્મતનો કડવો તજરૂબો છે, હું તે લોગોની પરહેઝગારીથી વાકિફ હતો પણ અલ્લાહના ફરમાન જે વકત ઉતરા તો મેં તેઓને બેફરમાન પાતો હતો. આપ પાછા ગયા અને નમાઝના ફરમાનને હલકો કરવાની ઈલ્તેજા કીધી.

✤ આ ઈલ્તેજાના સબબ પાઁચ નમાઝો ઓછી થઈ. મૂસા (અ.સ.) ને આ વાતનું ઈલ્મ થયું તો આપને પાછા જાવાની અરઝ કીધી. આપે દોબારહ ખાલિકે અકબરને ઈલ્તેજા કીધી, તો બીજી પાઁચ નમાઝો ઓછી થઈ. આમ મૂસા આપને અરઝ કરતા રહ્યા અને અલ્લાહ તરફથી પાઁચ-પાઁચ નમાઝો ઓછી થાતી ગઈ. યહાઁ તક કે, ફક્ત પાઁચ નમાઝો રહી ગઈ પછી આપ બારગાહે ઈલાહીમાં જાવાથી શરમાયા તો આ તરહ ઉમ્મતે મોહંમદીયાહ વાસ્તે પાઁચ નમાઝોને ફરઝ કરવામાં આવી. ઈમામ (અ.સ.) ફરમાવે છે કે, **"અલ્લાહતઆલા મૂસા (અ.સ.) ને આ ઉમ્મતીઓ તરફથી ભલી જઝા ઇનાયત ફરમાવજો."**

### નમાઝ શું છે ?

✤ નમાઝ, તે અલ્લાહતઆલાની દાઅવતે તૈયેબીયાહમાં દાખિલ થાવાનો દરવાઝો છે. આ દરવાઝાની ચાવી ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની રઝા અને ઉલ્ફત છે, જે ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) છે, શાહઝાદએ રસૂલ છે, કુર્રતો ઐને બતૂલ છે. જે શખ્સ દરવાઝા આગલ તો જાય પણ તેના પાસે ચાવી ન હોય તો શું દાઅવતમાં તેનું દાખિલ થાવું મુમ્કિન થઇ શકે ?

✤ હર ચીઝનો એક ચહેરો હોય છે, પહેચાન હોય છે, **તો દીને ઇસ્લામનો ચહેરો નમાઝ છે.** જો કોઈ જિસ્મ તેના ચહેરા બગૈરનું હોય તો તેની પહેચાન નથી થઈ શકતી, તેમ જે શખ્સના આઅમાલમાં નમાઝ નહીં હોય તો તેના બીજા કોઇ પણ અમલ પર નઝર કરવામાં આવશે નહીં.

✤ માઅરેફતે ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) બાદ દીને ઈસ્લામનો અહમમાં અહમ પાયો નમાઝ છે. મઝબૂત બુનિયાદ બગૈર ઈમારત ટકી શકતી નથી, તેમ નમાઝ બગૈર બીજી કોઇ પણ ઈબાદત ખુદા નઝદીક ટકશે નહીં. ઈમાનદાર પર લાઝિમ છે કે, પોતાના દીનનો પાયો ખૂબ પાકો બનાવે અને તેને નૈક અમલ રૂપી ઈંટો થી ચણીને એક આલીશાન ઈમારત બનાવે અને સાથે તેને જાલવી પણ રાખે.

ખુદાના દાઈ - હર વકત તસ્બીહ કરનાર-નમાઝ ને કાઈમ કરનાર અને કરાવનાર - રૂકુઅ - સજદા દેનાર - મુમેનીન વાસ્તે દોઆ ગુઝારનાર - ઈમાની ઈમારતના બાંધનાર અને ખુદાની દાઅવતના મદદગાર હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) હમેશા મુમેનીન - મુમેનાત અને ફરઝંદોને **નમાઝ પઢવાની તાકીદ અને રગબત કરે છે, ખુદાની ઝિક્રમાં મસરૂફ રહેવાની નસીહત કરે છે.** ઈમામે મઝલૂમ મૌલાના હુસૈન (અ.સ.) એ પોતાની જાનને એ હાલતમાં કુરબાન કીધી કે, આપ આ રૂકને દીને ઈસ્લામને યાઅની નમાઝને કયામત તક મુમેનીન વાસ્તે ઝિંદા કરી ગયા. ★

**કાગઝનો જવાબ ઝરૂરી છે, સલામના જવાબની જેમ.**

## -::: " નમાઝ મેં " :::-

અપની જબીં કે સાથ જબ દિલભી ઝુકા **નમાઝ મેં.** પાયેગા બિલ યકીં તું જો હે મઝા **નમાઝ મેં.**
દર દર ભટક રહા હે કયોં દર્દ ઔર ગમ સે તું, ગાફિલ, હે તેરે દર્દ કી રખ્ખી દવા **નમાઝ મેં.**
દિલ કા સુકૂન ચાહીયે મુમિન તુઝે તો આકે દેખ, કિત્ની હૈ રાહતેં નિહાં જલ્વાનુમા **નમાઝ મેં.**
પા જાયેગા યકીન હે અપની તુ સર બલંદીયાઁ, મુમિન તું છોડ રંજો ગમ ઉઠ ઔર આ **નમાઝ મેં.**
ફરમાને બંદગી બજા ઈઝહારે બંદગી ભી કર, બંદએ રબ હે તું અગર આ કર દિખા **નમાઝ મેં.**
નૂરો સુરૂર કે મઝે તુઝકો મીલેંગે બિલ યકીં, પરદએ દિલ કો અપને તું આકર ઉઠા **નમાઝ મેં.**
મુમિન જહાઁ મેં સુર્ખરૂ હોતા હૈ ઔર રહેગા, ઘર મેં રહા **નમાઝ મેં** બાહર રહા **નમાઝ મેં.** ★

## -::: મૌ.અલી (અ.સ.) ની શાનમાં તૌહીન :::-

વાલિદે યઝીદ પલીદ, મોઆવીયાહ લઈને એની સલતનતના દૌરાન આલમે ઈસ્લામના શહેરોના તમામ વાલીઓને મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને સબ્બો શિતમ, ગાલી ગલોચ, લાઅનત-મલામત અને બદકલામી કરવાનું ફરમાન કીધું. આ ફરમાનને તાબેઅ થઈને દુનિયાના માઅમૂલી ફાયદાના લાલચુ વાલીઓએ એમ કરવાનું શુરૂ કીધું.

મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) થી રિવાયત છે કે, "મારી આઁખોની રોશની ચાલી ગયા બાદ હું કુરૈશના એક કબીલાના લોગોની મજલિસને નઝદીકથી ગુઝરો, જેઓ મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) પર બિલા સબબ ગાલીઓ વરસાવતા હતા. મેં તેના સરદારને પૂછ્યું કે, હું આ શું સાંભલી રહ્યો છું ? આ લોગોની ઝબાનમાં આટલું ઝહેર કેમ છે કે તે આ તરહ બદકલામી કરે છે? તેએ કહ્યું કે, તેઓ રોઝ આમ જ મૌ.અલી (અ.સ.) ને ગાલી ગલોચ કરે છે. મેં કહ્યું કે, અય સરદાર ! મને તેઓના પાસે લઈ જાઓ. જે વક્ત મેં તેઓની નઝદીક થયો તો કહ્યું કે, અય લોગો ! તમારા માંથી કોણ ખુદાતઆલાને ગાલી દે છે. તેઓએ જવાબ આપો કે, સુબ્હાનલ્લાહ ! જે કોઈ અલ્લાહને ગાલી દે તેએ તો શિર્ક કીધો. પછી મેં પૂછ્યું કે, તમારા માંથી કોણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ગાલી દે છે. જવાબ મીલો કે, સુબ્હાનલ્લાહ ! જે કોઈ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ગાલી દે તેએ તો કુફ્ર કીધો. મેં કહ્યું કે, તમારા માંથી કોણ અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ને ગાલી દે છે. તેઓએ કહ્યું કે, ફલાઁ-ફલાઁ શખ્સ ગાલી દેતો હતો."

મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) એ કહ્યું કે, મેં તે વક્ત અલ્લાહની શહાદત દઈને કહ્યું કે, મેં ઝરૂર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને કહેતા સાંભલા છે કે, "**તે કોઇ શખ્સ અલીને ગાલી દે તેએ મને ગાલી દીધી અને જેએ મને ગાલી દીધી તેએ ખુદા અઝ્ઝ વ જલ્લાને ગાલી દીધી.**" તેઓ તમામ ચુપ થઈ ગયા પછી કોઈએ કોઈ પણ તરહનો કલામ કીધો નહીં અને છુટા પડી ગયા. સરદારે કહ્યું કે, અય ઈબ્ને અબ્બાસ ! આપના જાવા બાદ મેં તેઓમાં બહેતરી જોઈ અને ઝબાન સાફ જોઈ. ઈબ્ને અબ્બાસે જવાબમાં ત્રણ શેઅર પઢા કે, "મૌ.અલી (અ.સ.) ના હક્કમાં બુરૂં ભલું કહેવું અને આપ જે મકામને લાઈક હતા, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપને જે મંઝેલત-દરજો અતા કીધો હતો તેમાં ઉંચ-નીચ કરવી પણ એક તરહની ગાલી છે, આવી તૌહીનને અલ્લાહ મઆફ કરનાર નથી. જેઓ મોઆવીયાહ લઈનના ચેલાઓ હતા અને આજે છે, તેઓ અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને ગાલી ગલોચ કરવા બદલ કુફ્ર અને શિર્કના ગુનાહે અઝીમમાં દાખિલ થાય છે, સઝાએ અઝીમ અને અઝાબે અલીમનાં હક્કદાર થાય છે. ★

## -::: ખૈર જ ખૈર :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલાએ મને હિદાયતના કલેમા આ મુજબ ફરમાવા કે, "જે વક્ત મેં ઈરાદો કરૂં છું કે, મારા બંદાને દુનિયા અને આખેરતની બેહતરી આપું, તો હું એની ઝબાનને મારી ઝિક્ર કરનારી બનાવું છું, એના દિલને ઝુકનારૂં કરૂં છું, એના જિસ્મને બલા પર સબર કરનાર કરૂં છું અને એને એવા મુમેના બૈરો અતા કરૂં છું કે, જે વક્ત એનો મરદ એની તરફ જોઈ છે તો એના બૈરો ખુશ થાય છે અને એની ગૈરહાઝરીમાં એના માલની અને પોતાની હિફાઝત કરે છે." ★

**બેહતર અખ્લાક, જન્નતવાલાઓના આઅમાલ માંથી છે.**

## -: મુરતદ્દ :- દીને હક્કને મુકનાર

**મુરતદ્દ** તે શખ્સને કહેવાય જે એક મઝહબને છોડે અને થોડા વક્ત તક બીજા મઝહબ પર ચાલે પછી પાછો તેના અસલી મઝહબ પર આવી જાય. મિસાલના તૌર પર કોઈ મુશ્રિક શિર્કનું દીન મુકીને ઈસ્લામમમાં આવે તે બાદ પાછો દીને શિર્ક તરફ વલી જાય. કોઈ યહૂદી મુસલમાન બને અને પાછો યહૂદી બની જાય તો ત્રણ દિન તક તેનાથી તૌબા તલબ કરવામાં આવે, દીને હક્ક પર ચાલવાની હિદાયત આપવામાં આવે. જો આ અરસા દૌરાન તૌબા કરી લે અને હિદાયત મુજબ અમલ કરતો થઈ જાય તો બેહતર વઈલ્લા તેને ચોથે દિન કત્લ કરવામાં આવે. રિવાયતમાં છે કે, અગર કોઈ શખ્સ દીને હક્ક પર હોય, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની દાઅવતનો મોઅતકિદ હોય અને સિલસિલએ ઈમામતનો કાઈલ હોય; પછી કુફ્ર પર સવાર થાય અને દીને હક્કને મુકીને મુન્હરિફ થઈ જાય અને તૌબા ન કરે તો આ શખ્સનો પણ મુરતદ્દના મુજબ જ સઝા કરવામાં આવે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **જે શખ્સ પોતાના દીનને બદલી નાખે તો એને કત્લ કરો.** મૌ.અલી (અ.સ.) મુરતદ્દથી તૌબા તલબ કરતા જે વક્ત તે ઈસ્લામમમાં આવીને ફીરી ગયો હોય અને આપ ફરમાવતા કે તેનાથી જ તૌબાનો મુતાલેબો કરવામાં આવે જે દીને ઈસ્લામમમાં દાખિલ થાય અને પછી ફીરી જાય. હવે જે શખ્સનો જન્મ ઈસ્લામમમાં થયો હોય અને ફીરી જાય તો તેનાથી તૌબા તલબ કીધા બગૈર કત્લ કરવામાં આવે. અગર બૈરો મુરતદ્દ થઈ જાય તો તેને કત્લ કરવામાં ન આવે મગર જહાઁ તક ઈસ્લામ ન લાવે વહાઁ તક કૈદ કરવામાં આવે. તેના મરદને પૂરેપૂરો હક્ક બને છે કે, તે મુરતદ્દ બૈરોની રઝા બગૈર બીજા બૈરોથી નિકાહ કરી શકે છે. મૌ.ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, કોઈ શખ્સ મુમિન હોય, ખૈરના કામ કરતો હોય તે બાદ કોઈ ફિત્નામાં વાકેઅ થઈને કુફ્ર પર આવી જાય તે બાદ તૌબા કરીને દોબારહ ઈમાનની અસ્લી સૂરત ઈખ્તિયાર કરી લે, તો એ શખ્સે ઈમાનની હાલતમાં જે અમલે સાલેહ અને ખૈરના કામો પહેલા કીધા હશે તો એનો કુફ્ર એના અમલે સાલેહની જઝા અને સવાબને બાતિલ અને ઝાયેઅ નહીં કરી શકે, આ વાતના સબબ કે એ શખ્સે કુફ્રના બાદ સાચા દિલથી તૌબા કરી લીધી છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમમાં ફરમાવે છે કે, **"ઇન્નલ લઝીના આમનૂ સુમ્મા કફરૂ સુમ્મા આમનૂ સુમ્મા કફરૂ સુમ્મઝદાદૂ કુફરન. લમ યકોનિલ્લાહો લેયગફિર લહુમ,"** યાઅની કે લોગો ઈમાન લાવા તે પછી કુફ્ર કીધો તે પછી ઈમાન લાવા તે પછી કુફ્ર કીધો તે બાદ કુફ્રમાં વધારો કીધો, એવા લોગોના ગુનાહને અલ્લાહ મુઆફ (માફ) નહીં કરે. એક શખ્સ મુસ્લિમ હોય અને તે ઈસ્લામ મુકીને બીજા કોઈ દીનમાં જાય તો એ **"મુબદ્દિલ"** કહેવાય, યાઅની દીનને તબદીલ કરનાર, તો એનાથી તૌબા તલબ કીધા બગૈર એને કત્લ કરવામાં આવે. એક શખ્સ **"મુસ્તોરિદ અલ-અજલી"** જે પહેલા મુસ્લિમ હતો અને પછી નસ્રાની (ક્રિશ્ચન) બની ગયો તો મૌલાના અલી (અ.સ.) એ એને એના દીન બદલવાની દલીલ વાસ્તે મુખ્તલિફ સવાલાત કીધા અને બાર બાર પૂછ્યું કે, શું તું નસ્રાની બની ગયો છે? એને હર વક્ત જવાબ આપો કે, હાઁ, હું નસ્રાની છું. આખિરમાં આપે ફરમાવું કે, અલ્લાહો અકબર, તો એ મુસ્તોરિદ બોલો કે, અલ-મસીહો અકબર, ઈસા તમામો કરતા મોટા છે, તે વક્ત આપે એને પકડીને ઝમીન પર પછાડો અને એને કત્લ કરવાનો હુકમ ફરમાવો. મુરતદ્દ મરદથી એના બૈરોને અલગ કરી દેવામાં આવે. એ બૈરો વફાતની ઈદ્દત પૂરી કરે તે બાદ બીજા મરદ સાથે નિકાહ કરી શકે છે. મુરતદ્દના નાબાલિગ અને કમ્સિન બચ્ચાઓ મુસલમાન છે.

હાલના વક્તમાં જે દીકરીઓ દીને હક્ક મુકીને બીજા મઝહબના મરદો સાથે શાદી કરીને ઈઝદેવાજી ઝિંદગી બસર કરે છે તો તે અપની જમાઅતથી ખારિજ છે, જેને શરીઅતના કાનૂન મુજબ કૈદ કરી દેવાનો હુકમ છે. આ દીકરીઓને અપની જમાઅત સાથે એક ઝર્રા બરાબરનો પણ તઅલ્લુક અને સરોકાર નથી. અગર દોબારહ એ દીકરીઓને જમાઅતમાં શામિલ થાવું હોય તો દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ને પૈમાનો મીસાક આપવો પડે અને કુફ્રની હાલતથી પાકીઝગી ઈખ્તિયાર કરવી પડે. આ સૂરત તે વક્ત નમૂદાર થાય જે વક્ત બેવે મરદ-બૈરો દીને હક્કને ઈખ્લાસ સાથે કુબૂલ કરવા ચાહતા હોય યા દીકરીના શૌહર ગુઝરી ગયા હોય યા દીકરી એના મરદને તલાક આપવા માંગતી હોય. એક વક્ત દીને હક્કથી રૂગરદાની થાય તો જહાઁ તક ખુલૂસ દિલથી તૌબા ન કરે વહાઁ તક એ દીનમાં શામિલ થઈ શકતો નથી. અલ્લાહ જલ્લાશાનોહુ હુઝૂરે પુરનૂર (ત.ઉ.શ.) ની દોઆથી હમને રાહે રાસ્ત પર, મઝહબે પંજતની પર અને દીને પાક પર હર વક્ત ગામઝન રાખે. ★

**બેશક હર ચીઝ વાસ્તે શરફ હોય છે અને આ દીનનો શરફ હયા-શરમ છે.**

## હિકમતના લોગો વાસ્તે -::: " હકીમસાબ " ના નુસ્ખા :::-

### ઉલ્ટી - (Vomiting)

* બચ્ચાઓને ઉલ્ટી થવાના ઘણા કારણો અને Causes હોઈ શકે છે જેમ કે ખરાબ જમવાનું યા પાની, કીરમ, શરદી-ખાંસી, head injury, તાવ, ગલાનું યા કાનનું infection વગેરા. ૧ વરસથી નીચેની ઉંમરના બચ્ચાઓ અગર માઁ નુ દૂધ લીધા બાદ થોડું દૂધ કાઢી નાંખે યા "ઓકી" નાંખે તો એ normal છે. જે વક્ત બચ્ચાને દાંત આવવાનું શુરૂ થાય છે તો આ ચીઝ temporarily વધી જાય છે.
* ઝિયાદહ તર cases માં ઉલ્ટી સાથે બચ્ચાને ચૂંક, પેટમાં દુ:ખાવો યા દસ્ત (loose motions) ની પણ શિકાયત રહે છે. શરદી-ખાંસી યા ગલાના infection માં વધુ પડતા cough બનવાથી બચ્ચુ vomit કરે છે જેમાં જમન અને cough સાથે નીકાલે છે.
* જે વક્ત બચ્ચાને માથા માં injury થાય અને vomit થાય અને બચ્ચું બેહોશ થઈ જાય તો એવા cases માં વક્ત નીકાલા બગૈર જલ્દીથી હોસ્પીટલમાં treatment કરાવવી જોઈએ. Head injury ની vomit ને projective vomiting કહે છે જેમાં બચ્ચાને ઉલ્ટી કરતા પહેલા ઉલ્ટી નો એહસાસ (nausea) થાતો નથી.
* કોઈ પણ સબબથી અગર બચ્ચાને તાવ આવતો હોય અને બેચૈની હોય તો તેને vomit થઈ શકે છે. આ stage માં બચ્ચાને ઝબરદસ્તી જમાડવું બરાબર નથી. બચ્ચું જેટલુ જમન જમી શકે એટલું જ આપવું.
* વારંવાર Vomit થવાથી બચ્ચામાં પાની ની કમી થઈ જાય છે જેને dehydration કહે છે. જે વક્ત બચ્ચાની આંખો નમ પડી જાય યા અંદર ચાલી જાય યા નાની થઈ જાય, ચામડી સૂકી પડી જાય, પેશાબ ઓછો થાય, ઝબાન સૂકી થઈ જાય અને માથા ના વચલા હીસ્સામાં ખાડો પડવા લાગે તો સમજવું કે બચ્ચાને severe dehydration થઈ ગયું છે. આ હાલતમાં વક્ત ઝાયેઅ કીધા બગૈર બચ્ચાની હોસ્પીટલમાં treatment કરાવવી ઝરૂરી છે.
* એવી vomiting ના cases કે જેમાં જલ્દીથી સારવાર લેવી ઝરૂરી છે કે જેમાં :
  - Vomit ના સાથે ખૂન દેખાય.
  - બચ્ચું સુઈ રહે યા બેહોશીની હાલતમાં રહે.
  - બચ્ચું લગાતાર રોયા કરે અને કોઈ પણ ચીઝથી ફરક ન પડતો હોય.
  - ઝાડા કાલા રંગના થાતા હોય.
  - પેટમાં સખત દુ:ખાવો થતો હોય યા સખત કબ્ઝીયાત હોય.
  - બચ્ચું ખતરા વાલી કોઈ ચીઝ ગીલી ગયું હોય.
* અગર બચ્ચું વારંવાર vomit કરતું હોય તો dehydration ને રોકવા વાસ્તે એક સાફ કપમાં ઉકાલેલુ પાની લેવું અને એને અંદર એક ચમચી ખાંડ + એક ચપટી નમક નાંખવું + ૨-૩ ટીપા લીંબુનો રસ નાખીને ચમચીથી બચ્ચાને થોડી થોડી વારે આપતા રહેવું ફાયદામંદ છે.
* Vomiting ના વાસ્તે હમેશા doctor ને consult કરીને જ કોઈ પણ medicine આપવી જોઈએ.
* આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

* **આજવા રોડ** પર ક્લીનીકનો વક્ત :
જુમોઆ : સાંજે ૫ થી ૭ રવિવાર : સવારે ૧૦ થી ૧૨
સરનામું : આરામ ક્લીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ.

* **બદરી મોહલ્લા**, રાહત દવાખાનું :
જુમોઆ : સવારે ૧૦ થી ૧૧:૩૦
* **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર
મંગલવાર : સવારે ૧૧ થી ૧
જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

**જલ્દી સવાબ હાસિલ કરાવનારી સુન્નત, રિશ્તેદારો સાથે મેલ-જોલ છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✤ અલ્લાહતઆલાએ મોહિબ્બાને સાહબે ઝુલફિકાર શીઆ ખોલસા મુમેનીનને ત્રણ કીમતી ચીઝો ઈનાયત કીધેલી છે : **(૧) તકવા** - અલ્લાહતઆલાના અઝાબથી દિલમાં ડર રાખવો. આ ખૌફે અઝાબે ઈલાહી ઈન્સાન ને મુત્તકી બનાવે છે. કોઈ પણ શિકલમાં કોઈ પણ તરીકાથી તે શયતાની હરકત અને શયતાની મકરો ફરૈબને ઓલખી લે છે. આમ એક મુત્તકી અલ્લાહના દાઈ સાથે ખુલૂસ અને મોહબ્બતનો રિશ્તો સાચવી રાખે છે. **(૨) વસીલો** - અલ્લાહ તરફ પહોંચવાનો આઅલામાં આઅલા અને આસાનમાં આસાન તરીકો તેના દીન પર ચાલવાથી હાસિલ થાય છે. હવે જે સાહબે વસાયતની મોહબ્બત રાખવાના હુકમથી અલ્લાહે પોતાનું દીન કામિલ કીધું હોય તેના કરતા ઊંચો વસીલો બીજો કયો હોય શકે ? મૌ.અલી (અ.સ.) અને આપની આલે અત્હર મુમેનીન વાસ્તે **નેઅમુલ વસીલા** છે જેઓ ઈલ્મો અમલની દાઅવત આપીને મુમેનીનને અલ્લાહની રહેમતના સાયામાં પનાહ અપાવે છે. **(૩) જેહાદ** - જિસ્મના હર આઅઝાથી અલ્લાહના દીનના હર અહકામ અને તેની હર હકીકત પર ચાલવાની કોશિશ કરવી. જે મુમિન પોતાના જાનો માલથી જેહાદ કરશે તે સિરાતે મુસ્તકીમને હાસિલ કરશે. શરીઅતના હર હુકમને ખરા દિલથી લઈ ઉઠવું એ સાચી જેહાદ છે. જેહાદ, **ઇમાનનો એક અહમ હિસ્સો છે, તો ઇમાનના સાહબની માઅરેફત જ જેહાદનું પહેલું પગથિયું છે.** જેહાદની આ સીડીનો પાયો દુનિયામાં દાઈયુલ્લાહની દાઅવત સાથે જોડાયેલો છે જેના પર ચઢીને મુમિન આખેરતમાં રૂહાની બલંદી પર પહોંચી શકે છે.

✤ અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ને માનનારી બે કૌમ હલાક થાશે. જહન્નમની આગમાં પટકાશે, અલ્લાહના ગુસ્સાની શિકાર થાશે. **(૧)** આપના દરજામાં **"ગુલ્વ"** કરનારા એટલે આપને હદથી ઝિયાદહ દરજામાં ચઢાવનારા, ખુદા માનનારા યા નબી માનનારા. જેમકે નુસૈરી લોગો યા તેના જેવાઓ. **(૨)** આપના દરજામાં **"કુલ્વ"** કરનારા એટલે આપના દરજાને નીચો પાડનારા, આપની ફઝીલતને છુપાવનારા, આપના હક્કને મારનારા જેઓ આપને વસીએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નથી માનતા, દરજામાં ફેરફાર કરે છે, આપના સાથે બીજાને શરીક બનાવે છે, આપને સાહબે વસાયત અને સાહબે બાબીયતનો રૂત્બો નથી આપતા.

✤ હદીસે શરીફમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ એના દીનની મિસાલ એની પૈદાઈશ (ખલ્કત) માં મુકેલી છે. જેથી એની જ મખ્લૂકના ઝરીએ એના દીન પર દલીલ કાઈમ થાય અને એના દીનના ઝરીએ એની વહદાનીયત સાબિત થાય. દુનિયામાં એવી બેશુમાર ચીઝો છે, જે ઈમાનદારને અલ્લાહની ખૂબસૂરત કારીગીરીની યાદ અપાવે છે. ઈન્સાનની સોચ તેના આગલ કમ્ઝોર છે, એની અક્લ હૈરાન છે, એની ઝબાન કયા અંદાઝથી એના ખાલિકની તાઅરીફ કરી શકે, હકીકતમાં એ અલ્લાહની કુદરત આગલ બેઝબાન અને મજબૂર બની જાય છે. **પણ અલ્લાહે પૈદા કીધેલી હર ચીઝ પાછલ હિકમત છે, રાઝ છે, જે ઇન્સાનને દીન તરફ દાઅવત આપે છે.** અગર સમઝદાર શખ્સ પોતાની અકલ અને એહસાસથી એના આસપાસની ચીઝો માં અલ્લાહની હિકમતને પરખી લે તો આપોઆપ એ દીનના મકસદને પણ જાણી લે છે જેનો નતીજો એને અલ્લાહની વહદાનીયત તરફ લઈ જાય છે.

ઈન્સાન ઘણું બધું એના માહૌલથી શીખે છે. જેમ એ આગને જોઈને, ઝખ્મ લાગવાથી દર્દને મેહસૂસ કરે છે, કૈદખાનામાં કૈદીને જોઈ છે, આફતો મુસીબત બરદાશ્ત કરે છે, મૌતના તકલીફદહ હાલાત જોઈ છે, ઝાડના ફલોને અને ઠંડા સાયાને જોઈને, નદી-નહેરથી પાનીના બહાવના આવાઝને સાંભલે છે, પહાડીઓના ખૂશનુમા નઝારા જોઈ છે, નરમ ગાદી-તકીયા પર સુયે૭ છે, નોકર-ચાકરથી ખિદમત કરાવે છે, બૈરો સાથે ઈઝદેવાજી લઝઝત ઉઠાવે છે વગૈરા તો એને **જન્નતનો આરામ અને જહન્નમનો અઝાબ** યાદ આવી જાય છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં જેટલી ગૈબની ચીઝોની ઝિક્ર કરે છે તેની મિસાલ દુનિયામાં મૌજૂદ છે. આ મિસાલોને મુમિન દુનિયામાં મેહસૂસ કરે છે કેમકે, એ જિસ્માની આલમમાં છે મગર ગૈબની ચીઝો પર અકલથી ઈમાન લાવે છે જે એને એની મૌત બાદ રૂહાની આલમમાં મેહસૂસ થાશે. ★

નૂરાની મસ્જિદ (બદરી મોહલ્લા) : રાતે ૭:૩૦ વાગે (મંગલવાર)
તૈયેબી મસ્જિદ (આજવા રોડ) : રાતે ૮:૦૦ વાગે (બુધવાર) ★

**અલ્લાહના ફઝલો કરમ પર બીજા કોઈની તાઅરીફ ન કરજે.**

## -::: ઝાહેર ખબર :::-

**ન્યુ ગોલ્ડન સ્ટીલ ફર્નીચર**

દરેક ઝાતનું સ્ટીલ ફર્નીચર, કબાટ, ગોખલા, દીવાલની ફ્રેમો, રસોડાની ફ્રેમો, ફેબ્રીકેશનનું કામ. ગેલ્વેનાઇઝડ પતરાની સુપડા-સુપડી, ખુમચા, માપીયા, જૂના કબાટ-તીજોરી રીપેરીંગ તથા કલર કામ કિફાયત ભાવે સંતોષકારક રીતે કરી આપવામાં આવશે.

પ્રો.અબ્બાસભાઇ અલીભાઇ સોરંગવાલા
હરીશ પેટ્રોલ પંપ પાછલ,, પાનીગેટ,
બાવામાન એસ્ટેટ, વડોદરા.
મો.: ૯૯૦૪૭૩૯૬૮૭, ૯૮૨૪૩૧૯૮૦૮ ★

**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઇ.એન.ટી.)
**નાક, કાન અને ગલાના સર્જન**
**શિફા નર્સિંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઇમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

**હઝારીવાલા ઈન્ફોટેક**
**કોમ્પ્યુટર સોફટવેર-હાર્ડવેર સર્વિસ**
ફોન : ૯૭૧૪૪૩૦૩૧૪
**RTO ના કામકાજ વાસ્તે**
**હઝારીવાલા STD-PCO પર મીલો**
ફોન : ૨૫૨૪૯૩૬ / ૯૯૭૯૫૦૨૭૪૬ ★


## -::: દરસે અલ્ફાઝ :::-

ઈન્તેખાબ : પસંદ કરવું, ચુનવું.
ખસ્તાહાલ : બદહાલ, ખરાબ હાલત.
કફાલત : ઝિમ્મેદારી, પરવરિશની ઝમાનત.
દાઈમ : હમેશા, સદા.
ઝિલ્લત : બદનામી, તૌહીન.
તિફલ : કમ્ઝોર અકલવાલો, બચ્ચા.
લહદ : કબરમાં કિબ્લા તરફની તે જગા જ્યાં મૈયેતને સુવડાવવામાં આવે છે.
આજિઝ : કમ્ઝોર, બેબસ, મજબૂર.
દર્દમંદ : હમદર્દ, ગમખ્વાર.
ખારજી : મૌ.અલી (અ.સ.) ની વલાયતમાં ન માનનારો, જમાઅતથી બગાવત કરનારો. ★

## -::: તસ્હીલુન નિસ્બત :::-
## નિસ્બતને સહેલ કરવાની તદબીર

નામ : ઝુલફિકાર ઈસ્માઈલભાઈ પૂનાવાલા
ઉંમર : ૩૦ વરસ
સરનામું : રાહત દવાખાના પાછલ, વાડી, બદરી મોહલ્લા, વડોદરા.
કામકાજ : નોકરી
પગાર : રૂા. ૨૦૦૦/-
તજવીઝ : નૈક અખ્લાક દિકરીના રિશ્તાની અરઝ છે.

ઉપર આપવામાં આવેલી વિગતો હમને અરઝદારે આપેલી છે. મુમેનીન કોઈ પણ અરઝદારને સાથે વાત કરતા પહેલા જો એની પહેચાન જાણવા માંગતા હોય તો હમારા ફોન નં.: ૦૨૬૫-૨૫૮૦૨૭૭ (ભાઈસાહેબ કમ્બરઅલી) પર બપોરે ૩:૩૦ થી ૪:૩૦ તક જાણી શકશે. મુમેનીન અરઝદારને એના આપેલા ફોન પર ઝાતી કોન્ટેકટ પણ કરી શકે છે. રિશ્તો કરવા વાસ્તે કોઈ પણ નતીજા પર આવતા પહેલા મુમેનીનને અરઝદારની વિગતની તેહકીકાત ઝાતી તૌર પર કરવાની રહેશે.

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઈસાહેબ કમ્બરઅલી ભાઈ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઈ સ્પેશીયલ આઈટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઈએ.

| ઝાહેરાતની સાઈઝ : 3 x 2 Inches (Approx.) |
|---|
| 3 મહીના : 150/- Rs. |
| 6 મહીના : 300/- Rs. |
| 1 વરસ : 600/- Rs. ★ |

**ત્રણ ખસ્લતો મુમિનને નજાત અપાવનારી છે :**
**(૧) ઝાહિર અને બાતિનમાં અલ્લાહનો ખૌફ કરવો.**
**(૨) ફકીરી અને અમીરીમાં દરમિયાની રસ્તો ચુનવો, એતેદાલ-મિંયાનારવી રાખવી.**
**(૩) નારાઝગી અને ખુશીમાં ઈન્સાફથી પૈશ આવવું.**

**બેશક બેહતરીન હુસ્નો જમાલ બેહતર અખ્લાક છે.**

## –::: બદલી નાંખો – I need a change :::–

શું એક જ જેવું વાપરા કરીએ એક જ જેવું ચલાવા કરીએ, એક જ જેવું જમા કરીએ, એક જ જેવું પહેરા કરીએ , એક જ જેવું જોયા કરીએ, એક જ જેવું પકાવા કરીએ ? બસ બહુ થયું ! **I want a change.** આ, આજની ઉગતી પેઢીનું **Slogan છે, Fashion છે.** ખરૂં છે પણ કડવું છે. આ એક એવી ખતરનાક ઝેહરીલી બીમારી છે, જેની જાનલેવા જડો લોગોના દિલ-દિમાગમાં ફેલાતી જાય છે. પોતાની આદતોને પૂરી કરવા વાસ્તે કરઝ લેતા પહેલા હવે બેઘડી કોઇ વિચારતું નથી, એની કાલ કેવી પડવાની છે એની એને કોઇ ફિકર નથી. બસ, **એને તો બદલાવ જોઇએ છે.**

પૈસાની બરબાદીના તરીકાઓને આજે નવો મોડ લીધો છે. નવો નક્કોર મોબાઇલ, ચશ્મો, બાઇક, ઘડીયાલ યા કપડા હોય, થોડા દિવસ નથી થયા કે, એને બદલવાનું ભૂત સવાર થાય છે. અરે આ તો નાની આઇટમોની વાત થઇ પણ આજે એવા લોગોની કમી નથી કે, જેઓ ઘરમાં ફર્નીચર, પડદા, ફરશ, સીલિંગ, કોમ્પ્યુટર, ટી.વી. કે બીજી ભારી ચીઝો ૬-૬ મહીનામાં બદલે છે. કીચન મિનિસ્ટરના બોઝમાં આજે અકસર શૌહરો દબાયેલા હોય છે. પાઁચ દિવસ ઘરમાં જમા, હુકમ થાય છે કે, ચલો કઇ બાહર જઇએ ! ગઇ રવિવારે ફલાં બાગમાં ગયા હતા, આજે આમાં જઇએ ! ફલાં હોટલમાં ગયા હતા, આજે કોઇ બીજી હોટલમાં જઇએ. આ લાલચી લઝઝતો ચાખવાના ચટાખેદાર ચક્કરમાં આજે અકસર લોગો પડી ગયા છે. **પરહૈઝગારીનો રસ્તો કપરો થઇ રહ્યો છે અને કિફાયત-પસંદગીનું ગલું દબાઇ રહ્યું છે.**

આ એક તરહની શયતાની આદત છે, ઈસ્રાફી છે, ફુઝૂલ ખર્ચી છે. આ **Craze** અને પાગલપન ઈન્સાનને એની ઈઝઝત સાથે ખતમ કરી રહ્યું છે. કહેવત છે કે, **જેવો આહાર તેવો વિચાર, જેવું તમારૂં જમન તેવી તમારી વિચારધારા.** જવાન તબકાના લોગોને ઘરનું જમન ભાવતું નથી, તેથી હોટલો-લારી-ખુમ્ચાઓ પર બદહઝમી કરનાર, ચટપટું ફાસ્ટ ફૂડ ખાવું ગમે છે. આનો અસર એના ઝહેન પર એ હદ તક પડે છે કે, એના વિચારોમાં આસમાન-ઝમીનનો ફરક આવી જાય છે.

બદલી નાંખવાની આ વૃત્તિ દીન, અકીદા, રસમ, વેહવારની બુનિયાદને પણ કમ્ઝોર કરી નાંખે છે. દીન અને અકીદાને બદલવામાં પછી વાર નથી લાગતી. આજે અલવી હોય તો કાલે કોઇ બીજા મઝહબનો, એના બીજા દીવસે કોઇ ઔર મનગમતા વાડામાં જઇ પોતાના દીનને બદલી નાંખે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, **જે શખ્સ દીને હક્ક પર હોય અને પોતાની બદગુમાની-કમઅક્લીથી દીનને બદલી નાંખે તો તે મરદૂદ અને મલઊન છે.** તેનું ખૂન અને માલ હલાલ છે. આ દુનિયામાં તો એ આંધલો થયો પણ આખેરતમાં પણ એ આંધલો બનશે. હુઝૂરેઆલી (ત.ઉ.શ.) હર વક્ત મુમેનીનને આ જ મુજબ નસીહત કરે છે કે, “તમેં મુઅતદલ ઝિંદગી ગુઝારો, ન કમ- ન ઝિયાદા, જેટલી ઝરૂરત હોય એટલું જ લાવો, હાજત મુજબ પૈસાને ખર્ચો, બીજાના મહેલ જોઇને તમારૂં ઝુપડું ન તોડો, ઈસ્રાફી અને બખીલી બેવે ચીઝ અલ્લાહને નાપસંદ છે, અલ્લાહની નેઅમતનો શુક્ર અદા કરશો તો નેઅમત ઝિયાદા થાશે અને જો એને આપેલી નેઅમતને ઝાયેઅ કરશો તો તમારાથી પછી અલ્લાહનો અઝાબ દૂર નથી.” ★

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુબંઇમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઇઓના ફોન નંબર નીચે આપેલા છે.

**<u>સાલાના લવાઝેમાત</u> (<u>Yearly Subscription</u>)**
**રૂા. ૬૦ /– (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★